# PCBના પાપે પાકિસ્તાન ક્રિકેટ બન્યું છે સરકસ : 3 વર્ષમાં 4 કેપ્ટન 28 પસંદગીકાર અને 8 કોચ

પાકિસ્તાન ક્રિકેટમાં કંઇ ચાલતું હોય કે ના હોય પણ રાજકારણ ચોક્કસ જ ચાલે છે અને તેમાં દર મહિને જે પરિવર્તનના પવન ફુંકાય છે તેમાં તેનું કોઇ ભલીવાર થતું નથી. ઓગસ્ટ 2021માં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના અધ્યક્ષ પદેથી અહસાન મનીની વિદાય પછી પાકિસ્તાન ક્રિકેટ સતત બદલાવની સાયકલમાંથી પસાર થઇ રહ્યું છે. જો છેલ્લા ત્રણ વર્ષને ધ્યાને લેવામાં આવે તો આ 3 વર્ષમાં પાકિસ્તાની ક્રિકેટ ટીમે 4 કેપ્ટન 28 પસંદગીકાર અને 8 કોચ જોયા છે.

પાકિસ્તાન ક્રિકેટ ટીમે તાજેતરમાં ઈંગ્લેન્ડને 2-1થી હરાવીને 3 વર્ષ પછી ઘરઆંગણે ટેસ્ટ સીરિઝ જીતી હતી. આ પછી, રવિવારે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરવાની સાથે જ મોહમ્મદ રિઝવાનની સફેદ બોલ ક્રિકેટના નવા કેપ્ટન તરીકે નિમણૂકની જાહેરાત કરી હતી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના અધ્યક્ષ મોહસિન નકવી અને પસંદગી સમિતિના સભ્ય આકિબ જાવેદની હાજરીમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં વ્હાઈટ બોલના કોચ ગેરી કર્સ્ટનની ગેરહાજરી ઉડીને આંખે વળગી હતી.

કર્સ્ટને તેના એક દિવસ પછી અર્થાત સોમવારે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. બે વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યાના છ મહિના પછી તેમણે પદ છોડ્યું અને તેમનું પ્રસ્થાન દર્શાવે છે કે ઓગસ્ટ 2021માં બોર્ડના અધ્યક્ષ અહેસાન મણીની વિદાય બાદ સતત પરિવર્તનના સાયકલમાંથી પસાર થઈ રહેલું પાકિસ્તાન ક્રિકેટ હજું સ્થિર થયું નથી. છેલ્લા 3 વર્ષમાં એટલા બધા કોચ, કેપ્ટન, પ્રેસિડેન્ટ અને સિલેક્ટર્સ બદલાયા છે કે કોઈ પણ કહેશે કે આ ક્રિકેટ નથી પણ કોઇ સરકસનો ખેલ ચાલી રહ્યો છે. પાકિસ્તાનની મર્યાદિત ઓવરોની ટીમના મુખ્ય કોચ ગેરી કર્સ્ટને તેમની નિમણૂકના છ મહિનાની અંદર જ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના અધિકારીઓ સાથે મતભેદને કારણે તેમણે આ નિર્ણય લીધો છે. ભારતની 2011 વન ડે વર્લ્ડકપ ચેમ્પિયન ટીમના કોચ રહી ચૂકેલા 56 વર્ષીય કર્સ્ટનની પીસીબી દ્વારા આ વર્ષના એપ્રિલના અંતમાં મુખ્ય કોચ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

પીસીબીએ X પર લખ્યું હતું કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આજે જાહેર કરે છે કે આવતા મહિને પાકિસ્તાની ટીમના ઓસ્ટ્રેલિયાના તેમના મર્યાદિત ઓવરોના પ્રવાસે જેસન



### ટુ ધ પોઈન્ટ

ગિલેસ્પી પાકિસ્તાન પુરૂષ ક્રિકેટ ટીમના કોચ બનશે. ગેરી કર્સ્ટને પોતાનું રાજીનામું સુપરત કર્યું છે, જેને સ્વીકારી લેવામાં આવ્યું છે. ઈએસપીએનક્રિકઈન્ફોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન ટેસ્ટ ટીમના કોચ ગિલેસ્પી અને પીસીબી સાથેના મતભેદોને કારણે કર્સ્ટને પોતાનું પદ છોડી દીધું હતું.

પીસીબીએ કર્સ્ટનના રાજીનામાનું કારણે જણાવ્યું નથી પણ સૂત્રોએ કહ્યું હતું કે ઓસ્ટ્રેલિયા અને ઝિમ્બાબ્વે પ્રવાસ માટેની ટીમ અને નવા કેપ્ટનના નામની જાહેરાત કરવામાં આવી તેમાં તેમને સહભાગી બનાવાયા નહોતા અને એ કારણે તેમણે રાજીનામુ આપ્યું છે. પીસીબીએ ટીમની પસંદગી સાથે સંબંધિત તેમના અધિકારો પાછા ખેંચી લીધા હતા, જે મતભેદોનું મુખ્ય કારણ માનવામાં આવે છે. ટીમની પસંદગી હવે માત્ર પસંદગી સમિતિનું જ ક્ષેત્ર છે.

આ બાબતથી માહિતગાર એક આધારભૂત સૂત્રએ જણાવ્યું હતું કે જેસન ગિલેસ્પીને મર્યાદિત ઓવરોની ટીમના કોચ બનવામાં કોઈ રસ નથી. ગિલેસ્પીએ પહેલાથી જ એવી સ્પષ્ટતા કરી દીધી છે કે તે 4 નવેમ્બરથી શરૂ થતાં ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં માત્ર સ્થિતિ સંભાળશે અને મર્યાદિત ઓવરોની ટીમના કોચ તરીકે કાયમી ભૂમિકા સંભાળવામાં તેમને રસ નથી. તેણે પીસીબીને કહી દીધું છે કે આગામી ઝિમ્બાબ્વે પ્રવાસ અને તે પછીની મર્યાદિત ઓવરોની સીરિઝ માટે ગેરી કર્સ્ટનના રિપ્લેસમેન્ટની શોધ કરી રાખે. ટેસ્ટ ટીમનો કોચ જેસન ગિલેસ્પી પણ ટૂંકમાં જ રાજીનામુ આપી દેશે. તેને પણ ટીમની જે રીતે પસંદગી કરવામાં આવે છે અને તેમાં માત્ર પસંદગી સમિતિ જ એકલી ભાગ ભજવે છે તેમજ કોચની તેમાં કોઇ ભૂમિકા ન હોવા મામલે નારાજગી છે.

પાકિસ્તાન ક્રિકેટ ટીમમાં સફેદ બોલ અને લાલ બોલના અલગ અલગ કોચ છે. છેલ્લા 3 વર્ષમાં ટીમે 8 કોચ જોયા છે. કર્સ્ટનના ગયા બાદ રેડ બોલના કોચ જેસન ગિલેસ્પીને ઓસ્ટ્રેલિયા પ્રવાસની જવાબદારી સોંપવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન, બોર્ડના ચાર અધ્યક્ષ, રમીઝ રાજા, નજમ સેઠી અને ઝકા અશરફ પદ સંભાળી ચુક્યા છે. હાલમાં મોહસીન નકવી આ પદ પર છે. દરેક પ્રમુખનો કાર્યકાળ ઉથલપાથલથી ભરેલો રહ્યો છે.

પસંદગી સમિતિ પણ બદલાતી રહે છે. છ જુદા જુદા મુખ્ય પસંદગીકારો અને 28 જુદા જુદા સભ્યો છે જેમણે પુરુષોની ટીમો પસંદ કરી છે. કેપ્ટન પણ સતત બદલાતા રહે છે. બાબર આઝમ થોડા સમય પહેલા સુધી તમામ ફોર્મેટનો સુકાની હતો, પરંતુ ત્યારબાદ તેની જગ્યાએ સફેદ બોલના ફોર્મેટમાં શાહીન શાહ આફ્રિદી અને લાલ બોલના ફોર્મેટમાં શાન મસૂદને સ્થાન આપવામાં આવ્યું હતું. બાબર 2024 T20 વર્લ્ડકપ માટે સફેદ બોલનો કેપ્ટન બન્યો હતો. હવે તેની જગ્યાએ રિઝવાનને જવાબદારી સોંપવામાં આવી હતી.

**પાકિસ્તાનમાં ક્રિકેટ વર્ષોથી રાજકારણનો ભોગ બનતું રહ્યું છે અને એ ઇમરાન ખાન-જાવેદ મિયાંદાદ જેવા દિગ્ગજોના સમયથી ચાલતી આવેલી આ પરંપરા આજે બાબર આઝમ અને શાન મસૂદ જેવા હાલના ખેલાડીઓના જમાનામાં પણ ચાલી જ રહી છે. હકીકતમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ પાક્સ્તાની ક્રિકેટ ટીમમાં એવું રાજકારણ પેસાડ્યું છે કે જેના કારણે પાકિસ્તાની ક્રિકેટ રમત કરતાં સરકસ હોય તેવું વધુ લાગે છે.**



# પાકિસ્તાન ક્રિકેટમાં નામના અસ્થાયી છે, પણ એકબીજા પ્રત્યેનું ઝેરીપણું કાયમી

પાકિસ્તાન ક્રિકેટમાં ઘરઆંગણે ચાર વર્ષે ટેસ્ટ જીતનારી ટીમના કેપ્ટનનું શું મુલ્ય છે એવું તમારે જાણવું હોય તો એ શાન મસૂદને પૂછજો, કે જેની સાથે ટેસ્ટ વિજય પછી એટલું સારું વર્તન નથી થયું જે એક વિજેતા કેપ્ટન સાથે થવું જોઈએ. જો તમે મેચ પછીનું પ્રેઝન્ટેશન, વિજેતા ટીમના ફોટા, પ્રસારણકર્તાના મેચ પછીના વિશ્લેષણ અને પછી વ્યાપક મીડિયા સાથે પ્રેસ કોન્ફરન્સ પર ધ્યાન આપશો તો

**પાકિસ્તાન ક્રિકેટમાં વિજેતા કેપ્ટન સાથે કેવું વર્તન કરવામાં આવે છે તે જાણવું હોય તો મેચ પછીના પ્રેઝન્ટેશન, વિજેતા ટીમના ફોટા, બ્રોડકાસ્ટરના મેચ પછીના વિશ્લેષણ અને પછી વ્યાપક મીડિયા સાથેની પ્રેસ કોન્ફરન્સ પર ધ્યાન આપશો તો તમને ઘણું સમજાઇ જશે અને સાથે જ એ સમજાશે કે પાકિસ્તાનમાં ખેલાડીઓ વચ્ચે એકબીજા પ્રત્યે કેવી માનસિકતા રાખવામાં આવે છે.**




### સ્પેશિયલ કોમેન્ટ

તેમને એ સમજાશે કે મસૂદ માટે બધુ સારું રહ્યું નહોતું.

સમાન લોકો સમાન પ્રશ્નો પૂછે છે, અને અંતે ઘણા જુદા જુદા લોકો દ્વારાસમાન જવાબો અલગ અલગ રીતે વિતરિત કરવામાં આવે છે. આખી વસ્તુ થોડી પરિચિત છે. શનિવારે, જોકે, PCBના મેચ પછીના પીચની બાજુએ થયેલા વિશ્લેષણ શો, જેમાં પાકિસ્તાન ક્રિકેટ હાલમાં ગળાડૂબ છે એ ઝેરીપણાનો પરિચય તેમાં મળ્યો હતો. પ્રેઝન્ટેટર ઝૈનબ અબ્બાસે, મસૂદને એક કેપ્ટન પર સતત છ હારની અસર વિશે પ્રશ્ન શરૂ કર્યો. તેણે જે શરૂ કર્યું તે પૂર્ણ થવા પહેલા જાણે કે છ હાર વિશે ત્યારે જ ખબર પડી હોય તેમ રમીઝ રાજા દ્વારા ઝૈનબને અટકાવવામાં આવી હતી પછી તેણે મસૂદ પર જાણે કે હલ્લાબોલ કર્યું હોય તેમ સવાલ કર્યો હતો કે બાય ધ વે સળંગ છ હારને તમે આ કેવી રીતે હાંસલ કરી? મારો મતલબ, જો તમે પ્રયત્ન કર્યો હોય તો...મસૂદે જવાબ આપવાનો પ્રયત્ન કર્યો, પણ રમીઝે હસતા હસતા તેને કાપ્યો. નમ્રતાથી મસૂદે જવાબ આપવાનો પ્રયાસ ચાલુ રાખ્યો, પણ રમીઝે ફરી તેની વાત કાપીને એક પ્રશ્નનો ફોલો-અપ પૂછ્યો જેનો તેણે જવાબ આપવા દીધો ન હતો. થોડી વાર પછી રમીઝે મસૂદને તેની બેટિંગની તકનીકી ખામીઓની સમસ્યા અંગે સલાહ આપવા માંડ્યો હતો.

આખો 11-મિનિટનો સેગમેન્ટ એટલો ખરાબ નથી જેટલી 30-સેકન્ડની ક્લિપ જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. રમીઝ પાસે અલબત્ત, અઘરા પ્રશ્નો પૂછવાનો અધિકાર છે, જો કે તે અલગ બાબત છે. પરંતુ કેટલીક ક્રિયાપ્રતિક્રિયા માટે હાસ્યાસ્પદ, મજાક ઉડાવતા સ્વરનો અર્થ એ છે કે તે સ્પષ્ટપણે તેનો અનાદર કરવા માગતો હતો.

એવા માણસ પાસેથી સારી અપેક્ષા રાખવી ગેરવાજબી નથી કે જેણે સમાન અસ્તવ્યસ્ત સમયમાં પાકિસ્તાનની કેપ્ટનશીપ કરી છે. રમીઝ કદાચ ત્યાંના માજી ખેલાડીઓમાં સૌથી ખરાબ નથી, પણ તેનો જે લહેજો હતો તે ખરાબ જ હતો.

જીતના 24 કલાકની અંદર, મસૂદે જે આંતરિક નિષ્ક્રિયતાનો સામનો કરવો પડ્યો તેનું આ સામે આવેલું ઉદાહરણ માત્ર છે. PCBએ વર્ષ માટે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ સમાપ્ત થયાના ચાર મહિના પછી સેન્ટ્રલ કોન્ટ્રાક કરાયેલા ખેલાડીઓની યાદી બહાર પાડી. તેમાં ટેસ્ટ ટીમને જીત અપાવનારો મસૂદ બી કેટેગરીમાં છે,.

આ એક અધિકૃત PCB કોમ્યુનિક છે, જેમાં તે સત્તાવાર રીતે પોતાના અધિકૃત રીતે નિયુક્ત કેપ્ટનના અધિકૃત ભાવિ અંગે અટકળો ખોલી રહ્યું છે. તેણે લગભગ ચાર વર્ષે ઘરઆંગણે પ્રથમ ટેસ્ટ સીરિઝ જીતનારી ટીમનું નેતૃત્વ કર્યું તે પછી PCBના સત્તાવાર પ્રસારણ શોમાં માજી કેપ્ટન અને અધ્યક્ષ દ્વારા તેની મજાક ઉડાવવામાં આવ્યા બાદના 24 કલાકથી ઓછા સમયમાં તેને બી કેટેગરીનો કોન્ટ્રાક્ટ આપવામાં આવે તે ઘણું સમજાવે છે.

### ટીકા ટીપ્પણી



પરિવર્તનના મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહેલી ભારતીય ટીમ :

# બોલિંગમાં મર્યાદિત વિકલ્પો ચિંતાનો વિષય

**ન્યૂઝીલેન્ડ સામે ઘરઆંગણે બે ટેસ્ટ હારીને સીરિઝ ગુમાવી ચૂકેલી ટીમ ઇન્ડિયા સામે હાલમાં ચાહકોમાં સવાલ ઉઠી રહ્યા છે અને કેટલાક લોકો આ મામલે રોહિત શર્માની વ્યુહરચના અને ગૌતમ ગંભીરના કોચિંગ અંગે પણ સવાલ ઉઠાવે છે ત્યારે ક્રિકેટ ચાહકો એ પણ જાણી લે કે આગામી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની સાયકલ દરમિયાન ટીમના મોટાભાગના સીનિયર ખેલાડીઓ કદાચ સહભાગી ન પણ હોય અને તે પછી કદાચ ભારતીય ટેસ્ટ ટીમનું પતન આનાથી પણ ઉતરતી કક્ષાએ પહોંચી શકે છે.**

ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ બે ટેસ્ટ મેચમાં મળેલી હાર બાદ, આવતા વર્ષે જૂનમાં યોજાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઈનલમાં ભારતનું સ્થાન અદ્ધરતાલ લાગી રહ્યું છે અને જો તે સતત ત્રીજી વખત સફળ થાય તો પણ કેપ્ટન રોહિત શર્મા માટે WTCના આગામી બે વર્ષના સાયકલ માટે ટીમમાં રહેવું મુશ્કેલ લાગે છે. આ જ વાત રવિચંદ્રન અશ્વિન, રવિન્દ્ર જાડેજા અને વિરાટ કોહલીને લાગુ પડે છે. એ સમયે અશ્વિન 41 વર્ષનો હશે જ્યારે જાડેજા અને કોહલી 39 વર્ષના હશે.

ન્યૂઝીલેન્ડના હાથે શરમજનક હાર બાદ કેટલાક સિનિયર ખેલાડીઓ પર આંગળીઓ ઉઠવા લાગી છે. આવી સ્થિતિમાં પૂર્વ ભારતીય કોચ રવિ શાસ્ત્રીએ વર્તમાન કોચ ગૌતમ ગંભીર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. પુણેમાં બીજી ટેસ્ટ મેચ દરમિયાન કોમેન્ટ્રી કરતી વખતે શાસ્ત્રીએ કહ્યું, "ન્યૂઝીલેન્ડે બંને ટેસ્ટ મેચમાં ભારતીય ટીમને શાનદાર રીતે હરાવી છે.

આ વિચારવા જેવો વિષય છે. ગંભીરે હાલમાં જ ચાર્જ સંભાળ્યો છે. જે ટીમના ઘણા પ્રશંસકો હોય તેના કોચ બનવું ક્યારેય સરળ નથી. કોચ તરીકેની ઈન્ટરનેશનલ કેરિયરના આ તેના શરૂઆતના દિવસો છે, પરંતુ તે ઝડપથી શીખી જશે એવી ટીપ્પણી શાસ્ત્રીએ કરી હતી, કે જે પોતે પણ બે વાર ટીમ ઈન્ડિયાનો કોચ રહી ચૂક્યો છે અને તે પણ જાણે છે કે આ ટીમના કોચ તરીકે કેટલી મુશ્કેલી વેઠવી પડે છે.

સુનિલ ગાવસ્કરે પણ પોતાની કોલમમાં લખ્યું હતું કે ટેસ્ટ સિરીઝમાં ભારતની હાર એટલા માટે થઈ હતી કારણ કે ભારતીય બેટિંગ બેંગલુરુમાં પ્રથમ દાવમાં બાઉન્સ અને સીમ મૂવમેન્ટનો સામનો કરવામાં અસમર્થ હતી અને પુણેમાં બીજી ટેસ્ટ મેચમાં એવી પીચ પર નિષ્ફળ ગઈ હતી જેણે સ્પિનરોને બોલને ટર્ન કરાવવામાં ઘણી મદદ કરી હતી. બેંગલુરુમાં 46 અને પુણેમાં 156 રને ઓલ-આઉટ થવું તે બંને નિરાશાજનક બાબત હતી કારણ કે આ પીચો પર રમવું અશક્ય ન હતું અને કારણ કે ટેસ્ટ મેચમાં તમારી ટેકનિકલ અને સ્વભાવની ક્ષમતાઓનું સંપૂર્ણ પરીક્ષણ કરવામાં આવે છે. ભારતે બેંગલુરુ ખાતે બીજા દાવમાં ખૂબ જ મનોરંજક 400 પ્લસનો સ્કોર કર્યો હતો પરંતુ તેમ છતાં તે હારને અટકાવવામાં સક્ષમ ન હતું. ભારતીય ખેલાડીઓને રણજી ટ્રોફી અને ડોમેસ્ટિક ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમવાની મંજૂરી આપવી જોઈએ કે કેમ તે વિશે ઘણું બોલવામાં આવશે, જેથી તેઓ તે પીચો પર પ્રેક્ટિસ કરી શકે જ્યાં બોલ ટર્ન થાય છે પરંતુ આપણે અગાઉ જોયું તેમ, આંતરરાષ્ટ્રીય સમયપત્રક એવા છે કે ડોમેસ્ટિક મેચો માટે તેમનું ઉપલબ્ધ રહેવું તેમના માટે ઘણું મુશ્કેલ છે.

તેમાં કોઈ શંકા નથી કે ભારત પરિવર્તનના મુશ્કેલ સમયમાંથી પસાર થવાનું છે. આગામી બે વર્ષમાં ઓછામાં ઓછા ચાર વર્લ્ડ-ક્લાસ ક્રિકેટરો રમતમાંથી નિવૃત્ત થવાના છે, ગંભીર પોતાને કોચ તરીકે અવિશ્વસનીય સ્થિતિમાં શોધે છે. ભારત પાસે બેટિંગમાં ઘણા વિકલ્પો છે પરંતુ બોલિંગના સંદર્ભમાં એવું કહી શકાય નહીં. ઈજાના કારણે હાલમાં ટીમમાંથી બહાર રહેલો મોહમ્મદ શમી જો પુનરાગમન કરે છે તો પણ તે વધુ સમય સુધી ટીમમાં રહી શકશે નહીં. આકાશદીપ અને મહંમદ સિરાજ સારા બોલર છે પરંતુ જ્યારે જસપ્રીત બુમરાહ બીજા છેડેથી બોલિંગ કરી રહ્યો છે ત્યારે આ બંને ઝડપી બોલરો પાસે શમી જેવી હિટ કરવાની ક્ષમતા નથી.

આ પછી, આગલી હરોળમાં ઉભેલા ઝડપી બોલરોને પણ થોડી સમસ્યા થાય છે. અવેશ ખાન અને ખલીલ અહેમદ સારા ફાસ્ટ બોલર છે પરંતુ સાતત્ય અને ફિટનેસ તેમની મોટી સમસ્યા છે. નવદીપ સૈનીની ગતિ ધીમી પડી ગઈ છે જ્યારે ઉમરાન મલિક પોતાનો રસ્તો ખોઈ બેઠો હોય તેમ લાગે છે. મુકેશ કુમાર, વિશાક વિજયકુમાર, વિદાવથ કવેરપ્પા પાસે એવી ગતિ નથી કે જે બેટ્સમેનોના મનમાં શંકા પેદા કરી શકે. જો મયંક યાદવ લાંબા ફોર્મેટમાં રમવા માંગે છે તો તેણે પોતાની ફિટનેસ પર ઘણું ધ્યાન આપવું પડશે. બીજી સમસ્યા ઓલરાઉન્ડરની છે જે ઝડપી બોલિંગ પણ કરે છે. હાર્દિક પંડ્યા 30 વર્ષનો છે અને લાંબા ગાળાનું ફોર્મેટ તેની પ્રાથમિકતા છે કે કેમ તે અંગે શંકા છે. ભારતે ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે નીતીશ કુમાર રેડ્ડીની ટીમમાં પસંદગી કરી છે પરંતુ નિષ્ણાતોનું માનવું છે કે કોઈ વિકલ્પ ન હોવાને કારણે તે ટીમનો ભાગ બની ગયો છે.

ભારતને આગામી વર્ષોમાં સ્પિન વિભાગમાં અશ્વિન અને જાડેજાની પણ ખોટ પડશે. ભારતીય ટીમ પાસે તેમના વિકલ્પો તરીકે અક્ષર પટેલ અને વોશિંગ્ટન સુંદર છે પરંતુ આ બંને તેમની જેમ બંને વિભાગમાં છાપ છોડી શકશે કે કેમ તે ભવિષ્યમાં જોવાનું બાકી છે.